# ચૂંટણીની કામગીરીમાં બેદરકાર BLOને વોરંટ મળતાં જ હાજર થઈ ગયા

**કામરેજ** પેટા કચેરીના રાકેશ સોરઠીયા અને ફુલપાડાના બીએલઓ ગિરીશ ચૌધરી કામગીરીમાં અખાડા કરતાં હતા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-2026 આગામી તા. 26/04/2026 ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં મતદારોને મતદાન મથકની ઓળખ સરળતાથી થઈ શકે તે માટે 161-કરંજ વિધાનસભાના રિટર્નિંગ ઓફિસર દ્વારા બીએલઓ મારફત મતદાન કાપલીના વિતરણનું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, આ કામગીરીમાં કેટલાક બીએલઓ દ્વારા આનાકાની કરવામાં આવતા વહીવટી તંત્ર સખત બન્યું છે.

161-વરાછા રોડ વિધાનસભાના ભાગ નં. 150 (ફુલપાડા-53) ના બીએલઓ તરીકે ફરજ બજાવતા અને કામરેજ પેટા તિજોરી કચેરીમાં કાર્યરત રાકેશ સોરઠીયાને ટેલીફોનિક જાણ કરવા છતાં તેઓએ મતદાન કાપલી સ્વીકારવાની મનાઈ કરી હતી અને ફરજ પર હાજર થયા નહોતા. આ ગંભીર બેદરકારીને પગલે સુરત મહાનગરપાલિકાના સ્પેશિયલ ઓફિસર (ઈલેક્શન એન્ડ સેન્સસ) દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનને લેખિત જાણ કરવામાં આવી હતી. જેમાં રાકેશ સોરઠીયાને તાકીદે ઈલેક્શન વિભાગની કચેરીએ હાજર કરવા જણાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત, 161 વિધાનસભાના ભાગ નંબર 135 (ફુલપાડા-38) ના બીએલઓ ગીરીશ ચૌધરી દ્વારા પણ કામગીરીમાં અખાડા કરવામાં આવતા પોલીસ દ્વારા કડક કાર્યવાહીના ભાગરૂપે વોરંટ ઈશ્યુ કરવામાં આવ્યા હતા. પોલીસની આક્રમક કાર્યવાહી બાદ બંને બીએલઓ તાત્કાલિક ફરજ પર હાજર થયા હતા.

# સંસારનો ત્યાગ કરી દેવાની ધમકી આપતી પત્નીને કોર્ટે 'છૂટી' કરી દીધી

**જૈન** સમાજમાં ચર્ચાસ્પદ બનેલા આ કિસ્સામાં પત્નીએ આઠ જ માસમાં નાની નાની બાબતે ઝઘડા શરૂ કરી દીધા હતા

સુરતઃ સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવા માટે વારંવાર પતિને ધમકી આપી લગ્ન જીવનનાં હકકોથી વંચિત રાખનાર પત્ની સામે પતિએ ફેમિલી કોર્ટમાં હિન્દુ મેરેજ એક્ટ મુજબ લગ્ન વિચ્છેદનું હુકમનામું મેળવવા માટેની અરજી ફેમિલી કોર્ટે મંજૂર કરી હતી.

અડાજણ પાટિયા વિસ્તારમાં રહેતા જૈન સમાજનાં મહેશના લગ્ન અઠવા વિસ્તારમાં રહેતી સંગીતા જોડે ગોડાદરા ખાતે સમાજની ધાર્મિક વિધિ મુજબ તા.૧૮-૧-૨૦૧૯નાં રોજ થયાં હતા. લગ્નનાં માત્ર આઠ જ મહિનામાં પત્ની નાની નાની બાબતે ઝઘડા શરું કરી દીધા હતા. પત્ની દ્વારા ખોટા આક્ષેપો કરવામાં આવતાં હતા. આ લગ્ન જીવનને બચાવવા માટે સમાજનાં મોભીઓએ સમાધાનનાં પ્રયાસ કર્યા હતા. તેમ છતાં પતિ સાથે પત્નિ તરીકે કોઈ સંબંધ રાખતાં નહી અને વારંવાર જણાવતાં કે મને સંસારીક જીવનમાં રસ નથી, હું દીક્ષા લેવાની છું, મારે તમારા લોકો સાથે રહેવું નથી' તમે મહેશનાં બીજા લગ્ન કરાવી શકો છો, મારે હવે તમારા લોકો સાથે કાંઈ લેવા દેવા નથી, આજ પછી મારે કોઈ સાથે સંબંધ રાખવો નથી, મારે સંસારનો ત્યાગ કરવો છે. જેને કારણે અરજદાર ઉપર સામાવાળાએ લગ્ન જીવન દરમ્યાન સતત ક્રુરતા અને અત્યાચાર ગુજારી તથા છેલ્લે દીક્ષા લેવા યાને સંસારનો ત્યાગ કરવા માટે તા.૨૫/૦૨/૨૦૨૧થી સતત લગ્નજીવનના હકોથી વંચિત રાખતાં પતિએ લગ્ન વિચ્છેદનું હુકમનામું મેળવવા અરજી કરી હતી.

### પત્નીએ પોતાની ડાયરીમાં શું શું લખ્યું હતું, કે જેનાથી છૂટાછેડા થઈ ગયા?

એડવોકેટ સ્વાતિ મહેતાનાં જણાવ્યાં મુજબ આ અરજીની સુનાવણી દરમિયાન સામાપક્ષે લખાયેલી ડાયરી પણ રજુ કરવામાં આવી હતી. પત્નીનાં હાથે લખાયેલી ડાયરીની નોંધ કોર્ટે પણ લીધી હતી. આ ડાયરીમાં પત્નીએ નોંધ કરી હતી. જે આ મુજબ હતી.(પતિનું નામ)......, તમને જે શારિરીક સુખ મળ્યું છે ને એમાં પણ નિમિત્ત......( મિત્રનું નામ ) છે. કારણ કે એ મેરેજ પછી પણ મારી ઈચ્છા ન હોય, ત્યાં સુધી..અરે! આખી લાઈફ બ્રહ્મચર્ય પાળવા તૈયાર હતો -તમે અને .....( મિત્રનું નામ ) એક સરખા હતાં, પણ આજે વિચારતાં સમજાય છે કે એક ડાયમંડ હતો અને બીજો પથ્થર, મે પથ્થર પસંદ કર્યો. ....... ( મિત્રનું નામ )મને દીક્ષાની ભાવના છે, દીક્ષા અપાવવા જે બનતાં પ્રયત્નો કર્યા એ બદલ ધન્યવાદ, આવી અનેક બાબતનો ઉલ્લેખ આ ડાયરીમાં કરવામાં આવ્યો હતો.

# આખરે સુરતમાં ખાડી સફાઇ માટે ફ્લોટિંગ પોકલેન મશીનનું આગમન

**મીઠીખાડીમાં** કામગીરી શરૂ, વધુ ત્રણ મશીન કામગીરીમાં જોડાશે



સુરત : સુરતમાં ખાડીપૂરને અંકુશમાં લાવવા માટે મનપા કમિશનર નાગરાજન દ્વારા અત્યારથી જ ખાસ એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્લાન હેઠળ ખાસ કરીને લિંબાયત ઝોનમાંથી પસાર થતી મીઠી ખાડીમાં ફ્લોટિંગ પોકલેન મશીન દ્વારા સફાઈ કામગીરીનો પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આગામી દિવસોમાં વધુ ત્રણ મશીનો આ કવાયતમાં જોડાશે, જેથી ખાડીની સફાઈ વધુ ઝડપી અને અસરકારક રીતે થઈ શકે.

કમિશનરના આદેશ અનુસાર, ખાડીના એવા વિસ્તારો જ્યાં સફાઈ માટે એપ્રોચ રોડ ન હોય અને મશીનો પહોંચી શકતા ન હોય, ત્યાં આ ખાસ પ્રકારના ચાર ફ્લોટિંગ પોકલેન મશીનો દ્વારા સફાઈ કરવામાં આવશે. આ મશીનો પાણીમાં તરીને સફાઈ કરવાની ક્ષમતા ધરાવતા હોવાથી ખાડીના અંતરિયાળ ભાગોમાં જામેલો કચરો અને કાંપ સરળતાથી દૂર કરી શકાશે.

### સેન્ટ્રલ વોટર કમિશન અને હાઈડ્રોલોજી ટીમ દ્વારા ખાડી પૂરનું ટેકનિકલ નિરીક્ષણ

ખાડી પૂરના કાયમી નિવારણ માટે મ્યુનિસિપલ કમિશનર નાગરાજનના માર્ગદર્શન હેઠળ કેન્દ્ર સરકારની સેન્ટ્રલ વોટર કમિશન (CWC) અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હાઈડ્રોલોજી (NIH) ની એક વિશેષ ટીમ હાલ સુરતમાં આવી પહોંચી છે. આ તજજ્ઞ ટીમ દ્વારા સુરતની ખાડી પૂરની સમસ્યાના તમામ ટેક્નિકલ પાસાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ અભ્યાસ પૂર્ણ થયા બાદ ટીમ દ્વારા પૂર નિવારણ માટે ટૂંકા ગાળાના અને લાંબા ગાળાના આયોજનો અંગે જરૂરી સૂચનો આપવામાં આવશે.

## ડિંડોલીમાં બંધ મકાનની બારી તોડી ૨.૫૩ લાખની મત્તા પર હાથફેરો

સુરત : મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ડિંડોલી સ્થિત શાંતિવન રેસિડેન્સીના મકાન નંબર F-28માં રહેતા ગૌરવ રાજેન્દ્રભાઈ સોલંકી સચિન ખાતે પાર્લે-જી સપ્લાય ઓફિસમાં લોજિસ્ટિક મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૧૪ એપ્રિલના રોજ રાત્રિના દોઢ વાગ્યાથી સવારના સાત વાગ્યાના અરસામાં તેમનું ઘર બંધ હતું, તસ્કરોએ મકાનના ગ્રાઉન્ડ ફ્લોરની બારી તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને બેડરૂમમાં મુકેલા લોખંડના કબાટનું તાળું તોડી કબાટમાં રાખેલું સોનાનું મંગળસૂત્ર, સોનાની વીંટીઓ, પેન્ડન્ટ, કાનની બુટ્ટીઓ તેમજ ચાંદીના ઘરેણાં પર હાથફેરો કર્યો હતો. આ ઉપરાંત કબાટના ખાનામાં મુકેલી રોકડ રકમ રૂપિયા ૪૦,૦૦૦ પણ ચોરી લીધા હતા. સવારે ગૌરવભાઈએ તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે કુલ ૨,૫૩,૦૦૦ની મત્તા ગાયબ હતી.




## દહેજથી શરૂ કરીને નવસારી સુધી મરિન પેટ્રોલિંગ શરૂ, સાબરમતી ફરી કાર્યરત

સુરત : સુરત કસ્ટમ્સ પ્રિવેન્ટિવ ડિવિઝન દ્વારા લગભગ પાંચ વર્ષના લાંબા વિરામ બાદ મરીન પેટ્રોલિંગ પોર્ટ CAT-III (9003) "સાબરમતી"ને સફળતાપૂર્વક પુનઃ કાર્યરત કરવામાં આવ્યું છે.

દહેજથી નવસારી સુધીના સમગ્ર દરિયાકાંઠા પર નિયમિત મરીન પેટ્રોલિંગ અને તટીય દેખરેખ ફરી શરૂ કરવામાં આવી છે, જેનાથી સમગ્ર દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા પર સુરક્ષા વધુ મજબૂત બનશે અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કડક નિયંત્રણ શક્ય બનશે. ખાસ કરીને તસ્કરી જેવી ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કસ્ટમ્સ વિભાગ હવે વધુ અસરકારક રીતે કામગીરી કરી શકશે. કસ્ટમ્સ વિભાગના આ પોર્ટ દ્વારા અત્યાર સુધીમાં 100 કલાકથી વધુ પેટ્રોલિંગ પૂર્ણ કરવામાં આવ્યું છે.

# ટ્રેકટર અડફેટે બાઈકસવાર દંપતી પૈકી પતિનું મોત

**પુણાનો** યુવાન પત્ની સાથે પિતરાઈ ભાઈના ઘરનો સામાન ફેરવવા નીકળ્યો હતો અને મોતને ભેટ્યો

સુરત : પિતરાઈ ભાઈના ઘરનો સામાન ફેરવવા પત્ની સાથે બાઈક પર જતા પુણાગામના યુવકને નાના વરાછા મહારાણા પ્રતાપ ચોપાટી પાસે અકસ્માત નડ્યો હતો. બાઈક ચાલકની ટક્કર બાદ નીચે પટકાયેલા યુવક પર ટ્રેક્ટરનું ટાયર ફરી વળતા તેનું ગંભીર ઈજાને પગલે મોત થયું હતું. જ્યારે તેની પત્નીને સામાન્ય ઈજા પહોંચી હતી.

મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના વતની પ્રદીપભાઈ કેશુભાઈ માંગુકિયા (36 વર્ષ) હાલ પુણાગામની કિરણપાર્ક સોસાયટીમાં રહેતા હતા અને કાપડ માર્કેટમાં જોબવર્ક કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. પાંચ વર્ષ પહેલા જ તેમના લગ્ન થયા હતા. તેમની પત્ની શ્વેતાબેન ઘરે બેઠાં ધાગા કટીંગનું કામ કરીને પરિવારને આર્થિક સહાય કરતાં હતાં. આજે બપોરે પ્રદીપભાઈ તેમની પત્ની શ્વેતાબેન સાથે બાઈક પર વાલક મીશન રોડ પર પિતરાઈ ભાઈના ઘરે સામાન ફેરવવા જઈ રહ્યા હતા. જ્યારે તેઓ નાના વરાછા સ્થિત મહારાણા પ્રતાપ ચોપાટી પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અજાણ્યા બાઈક ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આથી બંને બાઈક પરથી નીચે પટકાયા હતા. દરમિયાન પાછળથી આવતા ટ્રેક્ટર ચાલકે પ્રદીપભાઈને કચડી નાખ્યા હતા અને તેઓના માથા પરથી ટાયર ફરી વળ્યું હતું. ગંભીર ઈજાગ્રસ્ત પ્રદીપભાઈને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું. પત્ની શ્વેતાબેનને શરીરે વિવિધ ભાગે સામાન્ય ઈજાઓ પહોંચી છે.



## લિંબાયતના વિક્રમનગર-૩ના રહીશોએ પાણીની તકલીફ મુદ્દે આપના નેતાઓને ઘેર્યા

સુરત : સુરત મહાનગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણીના પ્રચાર વચ્ચે વોર્ડ નંબર 18 (લિંબાયત-પરવટ-કુંભારીયા) ના વિક્રમનગર-3 વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતા રહીશોનો રોષ ફાટી નીકળ્યો છે. છેલ્લા 10 દિવસથી સર્જાયેલી પાણીની તીવ્ર અછત અને ખાસ કરીને ધોમધખતા ઉનાળામાં છેલ્લા 4 દિવસથી નળમાં ટીપું પાણી પણ ન આવતા સ્થાનિકોએ આમ આદમી પાર્ટીના નેતાઓ સમક્ષ ભારે હોબાળો મચાવ્યો હતો. રડતી આંખે વ્યથા ઠાલવતા સ્થાનિક મહિલાઓએ જણાવ્યું હતું કે, પીવા અને રસોઈ માટે પાણી ન હોવાથી અનેક પરિવારો સગા-સંબંધીઓના ઘરે આશરો લેવા મજબુર બન્યા છે.

## કતારગામના વોર્ડ નં. 7માં પણ વિરોધ થતાં ભાજપના મહિલા ઉમેદવારે ચાલતી પકડી

કતારગામ વિસ્તારના વોર્ડ નંબર 7 માં જ્યારે ભાજપના ઉમેદવાર સોનુબેન આંબલીયા પ્રચાર માટે નીકળ્યા, ત્યારે એક યુવકે તેમને સવાલ પૂછ્યો હતો કે, 'છેલ્લા પાંચ વર્ષમાં તમે વિસ્તારમાં શું કામ કર્યું છે? આ સાધારણ સવાલ પર ઉમેદવાર સંયમ ગુમાવી બેઠા હતા અને યુવક સાથે દલીલબાજી પર ઉતરી આવ્યા હતા. સવાલ પૂછતા જ જ્યારે યુવાન મતદારે પ્રશ્નો પૂછવાનું ચાલુ રાખ્યું અને તેનો વિડીયો મોબાઈલમાં ઉતારવાનું શરૂ કર્યું ત્યારે સોનુબેન આંબલીયા અકળાઈ ગયા હતા. તેમણે ફોન પર હાથ લગાવી દીધો હતો. યુવકના વારંવારના પ્રશ્નોના જવાબ ઉમેદવાર પાસે નહોતા. કામગીરીનો હિસાબ આપવામાં નિષ્ફળ રહેલા સોનુબેન આખરે ત્યાંથી પ્રચાર પડતો મૂકીને રવાના થઈ ગયા હતા.

# સુરત મહાનગરપાલિકા ચૂંટણી સંગ્રામ-2026

## વોર્ડ નંબર 23: બમરોલી-ઉધના (ઉત્તર)

# શહેર પ્રમુખનો ખુદનો વોર્ડ હોવાથી ભાજપ માટે પ્રતિષ્ઠાના જંગ સમાન

સુરત મહાનગરપાલિકાનો વોર્ડ નંબર 23 (ઉત્તર ભાગ) એ ઉધના ઝોનનો અત્યંત વ્યસ્ત અને રાજકીય રીતે સક્રિય વિસ્તાર છે. આ વોર્ડમાં ઉધનાનો જૂનો રહેણાંક વિસ્તાર અને બમરોલીના ઉત્તર તરફના વિકસિત ભાગોનો સમાવેશ થાય છે. આ વિસ્તાર મુખ્યત્વે મધ્યમ વર્ગ અને વ્યાપારી વર્ગથી ધમધમે છે. અગાઉ અહી કુલ 85,750 મતદારો અને 85 બુથ હતા પરંતુ એસઆરઆઈ બાદ અહી નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 54,265 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 55 છે.

અગાઉની ચુંટણીમાં ભાજપ અને વિપક્ષની પેનલ વચ્ચે પાતળુ માર્જીન હતુ તેથી આ વખતે અહી શહેર પ્રમુખના વોર્ડને જીતાડી પાઘડી બચાવવા જેવો જંગ ભાજપે લડવાનો છે. વર્ષ 2021માં અહીથી ભાજપના ગીતા રબારી, ઉર્મિલા ત્રિપાઠી, હાલના શહેર પ્રમુખ પરેશ પટેલ અને દિનાનાથ મહાજન જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું.

ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 81,790 મતો મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 25,795 મતો મળ્યા હતા.

આમ બન્ને વચ્ચે 55,995 મતોનું અંતર હતું. હવે જોઈએ છે કે આ વખતે ચૂંટણી જંગમાં કોણ વિજેતા બને છે.

### જાતિગત સમીકરણ

મરાઠી અને ગુજરાતી સમુદાયઃ ઉધના ઉત્તરના વિસ્તારોમાં દાયકાઓથી સ્થાયી થયેલા મરાઠી ભાષી પરિવારો અને સ્થાનિક ગુજરાતી મધ્યમ વર્ગની મોટી વસ્તી છે. આ મતદારો ચૂંટણીના પરિણામોમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વ્યાપારી અને નાના ઉદ્યોગ સાહસિકો: ઉધના સ્ટેશન રોડ અને આસપાસના વિસ્તારોમાં વેપાર સાથે સંકળાયેલા લોકોની સંખ્યા વધુ છે, જેઓ આર્થિક નીતિઓ અને ટેક્સના મુદ્દાઓને ધ્યાને રાખી મતદાન કરે છે. શિક્ષિત યુવા વર્ગ: આ વોર્ડમાં નવી પેઢીના શિક્ષિત મતદારોનો પ્રભાવ વધ્યો છે, જેઓ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અને રોજગારી જેવા મુદ્દાઓને પ્રાધાન્ય આપે છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

આ વોર્ડ પરંપરાગત રીતે ભાજપનો ગઢ રહ્યો છે, પરંતુ 2021ની મહાનગરપાલિકાની ચૂંટણીમાં અહીં વિપક્ષોએ મજબૂત લડત આપી હતી. શાસક પક્ષ માટે અહીં કેટલીક સ્થાનિક સમસ્યાઓ પડકારરૂપ બની શકે છે.


#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

| | |
|---|---|
| પુરૂષ મતદારોઃ | 29,614 |
| સ્ત્રી મતદારોઃ | 24,649 |
| કુલ મતદારોઃ | 54,265 |

**રોડ રસ્તા અને દબાણઃ** ઉધના મુખ્ય માર્ગો પર થતા દબાણો અને તેને કારણે સર્જાતી ટ્રાફિકની સમસ્યા અહીંનો કાયમી પ્રશ્ન છે. સાંકડી ગલીઓમાં પાર્કિંગની સુવિધાનો અભાવ રહે છે.

**પાણી અને ગટરની જૂની લાઈનોઃ** ઉધનાના જૂના રહેણાંક વિસ્તારોમાં ડ્રેનેજ લાઈનો વારંવાર બ્લોક થવાની અને પીવાના પાણીમાં ગંદા પાણીના મિશ્રણની ફરિયાદો ઉઠતી રહે છે.

**રેલવે ઓવરબ્રિજની કામગીરીઃ** ઉધના વિસ્તારમાં ચાલતી વિવિધ બ્રિજની કામગીરીને લીધે ડાયવર્ઝન અને ઉડતી ધૂળથી સ્થાનિક રહીશો અને વેપારીઓમાં નારાજગી જોવા મળે છે.




### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડમાં ઉધના રેલવે સ્ટેશનની ઉત્તર તરફનો ભાગ, ઉધના મુખ્ય બજાર, બમરોલી રોડની ઉત્તર તરફની સોસાયટીઓ, જીવન જ્યોત સિનેમા આસપાસનો વિસ્તાર અને ઉધના દરવાજા તરફ જતા મુખ્ય માર્ગોનો સમાવેશ થાય છે. આ વોર્ડની સીમાઓ એક તરફ લિંબાયત અને બીજી તરફ ખટોદરા વોર્ડને સ્પર્શે છે.

# અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી મંડળ દ્વારા ચૂંટણીનો બહિષ્કાર

**છેલ્લા** એક દાયકાથી સતત સમાજના લોકોની અવગણના કરવામાં આવે છે

**આ** વિરોધ કોઈ ચોક્કસ રાજકીય પક્ષ સામે નથી પરંતુ જે લોકો સમાજનો દુરૂપયોગ કરે છે તેની સામે છે

**જ્ઞાતિ** મંડળ દ્વારા સમાજના લોકોની બેઠક બોલાવીને મતદાન નહીં કરવાનો નિર્ણય કરાયો

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે શહેરના રાજકારણમાં ગરમાવો આવ્યો છે, જેમાં અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી જ્ઞાતિ મંડળ દ્વારા મતદાન ન કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મંડળમાં છેલ્લા 10 વર્ષથી પ્રમુખ તરીકે કાર્યરત ચંદ્રેશ બાબુલાલ મોદીએ જણાવ્યું હતું કે, છેલ્લા એક દાયકાથી તેમના સમાજના લોકોની ખૂબ જ મોટા પાયે અવગણના કરવામાં આવી રહી છે. આ અન્યાય સામે અવાજ ઉઠાવવા માટે ગઈકાલે અડાજણ ખાતેના બદ્રીનારાયણ મંદિર ખાતે સમાજના વડીલો, યુવાવર્ગ તેમજ અગ્રણીઓની એક અગત્યની બેઠક યોજાઈ હતી. આ મીટિંગમાં વાડી મંડળના હોદ્દેદારો, યુવા મંડળના હોદ્દેદારો તેમજ સિનિયર સિટીઝન ગ્રુપના હોદ્દેદારોની હાજરીમાં સર્વાનુમતે આગામી મનપા ચૂંટણીમાં મતદાન ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સમાજના પ્રમુખ ચંદ્રેશ બાબુલાલ મોદીએ તમામ જ્ઞાતિજનોને નમ્ર અપીલ કરતા જણાવ્યું છે કે, જો સમાજની અવગણના કરનારા તત્ત્વોને સમાજનું મહત્ત્વ સમજાવવું હોય તો આ વખતે ઈલેક્શનમાં મતદાન કરવું નહીં, જેથી કરીને મતોની શક્તિ અને તેની અસર વિરોધીઓને સમજાય. તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, આ વિરોધ કોઈ ચોક્કસ રાજકીય પક્ષ સામે નથી, પરંતુ જે તત્ત્વો દ્વારા સમાજનો દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે તેની સામેનો આ આક્રોશ છે. જ્ઞાતિ મંડળ દ્વારા લેવાયેલા આ કડક નિર્ણયને પગલે ચૂંટણી પ્રચારમાં લાગેલા રાજકીય પક્ષોમાં પણ ચિંતાની લહેર જોવા મળી રહી છે, કારણ કે એક સાથે આખા સમાજ દ્વારા મતદાનનો બહિષ્કાર કરવાની જાહેરાત કરવામાં આવી છે.

# 'અમારા હકનું રાશન ક્યાં જાય છે?', ભાજપના ઉમેદવારોએ ભાગવું પડ્યું

**કતારગામના** વોર્ડ નં.8માં જનતાએ રોકડું પરખાવતા ઉમેદવારો ફિક્સમાં મુકાઈ ગયા

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ઉમેદવારોને જનતાના ઉગ્ર વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.

તાજેતરમાં મનપાના વોર્ડ નંબર 8 માં ચૂંટણી પ્રચાર અર્થે ગયેલા ભાજપના ઉમેદવારો અને કાર્યકર્તાઓને સ્થાનિક રહીશોએ ઘેરી લીધા હતા અને સવાલોની ઝડી વરસાવી હતી. રહીશોએ આકરા તેવર સાથે પૂછ્યું હતું કે, ''અમને પૂરતા પ્રમાણમાં અને સમયસર રાશન કેમ મળતું નથી? અમારા હકનું રાશન ક્યાં જાય છે તેનો હિસાબ આપો.'' રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવતા અનાજમાં થતી કથિત અનિયમિતતા અંગે લોકોએ રોષ વ્યક્ત કરતા ઉમેદવારો માટે સ્થિતિ અત્યંત કફોડી બની ગઈ હતી.

સ્થાનિકોના ઉગ્ર વિરોધ અને તીખા સવાલો સામે ભાજપના ઉમેદવારો પાસે કોઈ સ્પષ્ટ જવાબ ન હોવાથી તેઓએ ત્યાંથી ચાલતી પકડવાની કોશિશ કરી હતી. જ્યારે લોકોએ તેમને અટકાવીને જવાબ માંગ્યો ત્યારે ઉમેદવારોએ ''તમે ઓફિસે વાત કરવા આવજો'' તેમ કહી વાત ટાળવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, જનતાએ પણ રોકડું પકડાવતા વળતો પ્રહાર કર્યો હતો કે, ''અમે તમારી ઓફિસે મત માંગવા આવતા નથી, તમે અમારી પાસે આવ્યા છો.'' રહીશોનો આક્રોશ સતત વધતા આખરે ભાજપના ઉમેદવારો અને કાર્યકર્તાઓ પ્રચાર અધૂરો છોડીને રવાના થઈ ગયા હતા.

## વોર્ડ નંબર 24: ઉધના (દક્ષિણ)

# ભાજપ માટે આંતરિક ગજગ્રાહ આ વોર્ડમાં માથાનો દુઃખાવો

સુરતઃ સુરત મહાનગરપાલિકાનો વોર્ડ નંબર 24 એ શહેરના દક્ષિણ ઝોનનો અત્યંત મહત્વનો વિસ્તાર છે. આ વોર્ડ મુખ્યત્વે ઔદ્યોગિક એકમો અને ત્યાં કામ કરતા શ્રમિકોની વસાહતોથી બનેલો છે. આ વિસ્તાર સુરતની આર્થિક પ્રવૃત્તિઓ માટે કરોડરજ્જુ સમાન ગણાય છે. રાજકીય રીતે આ બેઠક પર ભાજપનું વર્ચસ્વ રહ્યું છે, પરંતુ શ્રમિકોના પ્રશ્નોને લીધે અહીં વિરોધ પક્ષો પણ સક્રિય જોવા મળે છે. 2021ની ચૂંટણીમાં અહીં ભાજપની પેનલનો વિજય થયો હતો. અગાઉ અહી 98,843 મતદારો અને 98 બુથ હતા.પરંતુ એસઆરઆઈ બાદ નવી મતદારયાદીમાં આ વોર્ડમાં 64,535 મતદારો રહ્યા છે અને બુથની સંખ્યા 67 છે. વર્ષ 2021માં અહીથી ભાજપના રોહીણી પાટીલ, હિના કણસાગરા, બળવંત પટેલ અને સોમનાથ મરાઠે જીત્યા હતા. જયારે બીજા નંબરે અહી આમ આદમી પાર્ટીના ચારેય ઉમેદવારો રહ્યા હતા અને કોંગ્રેસ છેક ત્રીજા નંબરે રહ્યું હતું. ભાજપના ચારેય ઉમેદવારો મળીને કુલ 81,320 મતો મળ્યા હતા. જયારે આમ આદમી પાર્ટીના પહેલી વખત ચુંટણી લડનાર ઉમેદવારોને 41,316 મતો મળ્યા હતા. આમ બન્ને વચ્ચે 40,004 મતોનું અંતર હતું. ભાજપ અહી નવા ઉમેદવારો સાથે ચુંટણી લડી રહયું છે અને આંતરિક ગજગ્રાહના કારણે પાસા ઉંધા પડે તેવો ભય છે.

### જાતિગત સમીકરણ

આ વોર્ડમાં પરપ્રાંતીય મતદારોનો પ્રભાવ સૌથી વધુ છે. ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર અને ઓડિશાથી આવીને વસેલા શ્રમિકો અહીં મોટી સંખ્યામાં છે. આ મતદારો મુખ્યત્વે ઉધના ઉદ્યોગનગર અને આસપાસના કારખાનાઓમાં કામ કરે છે. જ્ઞાતિગત રીતે જોઈએ તો અહીં મરાઠી ભાષી અને હિન્દી ભાષી મતદારોની સંખ્યા નિર્ણાયક છે. આ ઉપરાંત, સ્થાનિક ઓબીસી જ્ઞાતિઓ અને શ્રમજીવી પરિવારો પણ અહીં વસવાટ કરે છે.

### રાજકીય સ્થિતિ અને મુખ્ય સમસ્યાઓ

વોર્ડ નંબર 24માં ચૂંટણી સમયે રાષ્ટ્રીય મુદ્દાઓ કરતા સ્થાનિક અને પાયાની સુવિધાઓના મુદ્દાઓ વધુ ગાજે છે.

#### પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા

| | |
|---|---|
| પુરૂષ મતદારોઃ | 34,285 |
| સ્ત્રી મતદારોઃ | 30,246 |
| કુલ મતદારોઃ | 64,535 |

**ખાડી પ્રદૂષણઃ** આ વોર્ડમાંથી પસાર થતી ખાડીમાં ઉદ્યોગોનું કેમિકલયુક્ત પાણી છોડવાને કારણે દુર્ગંધ અને પ્રદૂષણની મોટી સમસ્યા છે. ચોમાસામાં ખાડી ઉભરાવાને કારણે શ્રમિક વસાહતોમાં પાણી ભરાઈ જવાની ફરિયાદો વારંવાર ઉઠે છે.

**ટ્રાફિક અને રસ્તાઃ** ઉધના-મગદલ્લા રોડ અને ઉદ્યોગનગરના આંતરિક રસ્તાઓ પર ભારે વાહનોની સતત અવરજવર રહે છે. જેના કારણે રસ્તાઓ જલ્દી તૂટી જાય છે અને ધૂળનું પ્રમાણ પણ વધારે રહે છે.

**આરોગ્ય અને રહેઠાણઃ** ગીચ વસ્તી ધરાવતા આ વિસ્તારમાં સરકારી આરોગ્ય કેન્દ્રો અને સાફ-સફાઈની સુવિધા વધુ સુદ્રઢ બનાવવાની લોક માંગ રહે છે. સસ્તા આવાસ અને ભાડાના મકાનોમાં રહેતા લોકો માટે વીજળી-પાણીના પ્રશ્નો પણ મહત્વના છે.




### ભૌગોલિક સ્થિતિ

આ વોર્ડ ઉધના ઝોનના દક્ષિણ ભાગમાં વિસ્તરેલો છે. તેમાં ઉધના ઉદ્યોગનગરના વિવિધ પ્લોટ્સ, પ્રમુખ પાર્ક, હરિનગર, અને પાંડેસરા તરફ જતી સીમાઓનો સમાવેશ થાય છે. આ વોર્ડની એક બાજુ રેલવે લાઈન અને બીજી બાજુ મુખ્ય ઔદ્યોગિક માર્ગો આવેલા છે. આ વિસ્તાર ભૌગોલિક રીતે પાંડેસરા અને ઉધનાના અન્ય વોર્ડ સાથે જોડાયેલો છે.